અરવલ્લી-સાબરકાંઠામાં સાબરદાણે વધુ ૭ પશુઓનો ભોગ લીધો

મોડાસા, તા. ૩૧

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં સાબરડેરીમાંથી આવેલ સાબરદાણ ગાયો અને ભેંસોને ખવડાવાથી ૩૦૦ જેટલા પશુઓ ફૂડપોઈઝનીંગની અસર હેઠળ આવી ગયા છે. રડોદરામાંથી ૨, કડીયાદરામાંથી ૨, લોલાસણમાંથી ૧, હેલોદરમાંથી ૨ જેટલી ગાય, ભેંસના મોત નિપજ્યા છે. સાબરદાણની ફૂડ પોઈઝનીંગની ગાયોમાં ગંભીર અસર જોવા મળી રહી છે. સાબરડેરીના વેટેનરી તબીબોની ટીમે મૃત્યુ પામેલા પશુઓના અને સાબરદાણના સેમ્પલ લઈને વધુ તપાસ હાથ ધરી છે. બન્ને જિલ્લાના અનેક ગામોના પશુપાલકો તેમની મહામુલી પશુઓ રૂપી મુડીનો સાબરદાણ દ્વારા ભોગ તો નહિ લેવાય ને ? તેવી ચિંતામાં ઘરકાવ થઈ ગયા છે. જ્યારે મૃતક પશુઓના પરિવારજનો પર આભ તુટી પડ્યું છે. સાબરડેરી દ્વારા મૃતક પશુઓના માલીકને યોગ્ય વળતર ચુકવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

સાબરડેરી દ્વારા પશુઓ માટે આહાર તરીકે ઉપયોગમાં લેવાતા સાબરદાણનું નહિ નફો, નહિ નુકશાનના ધોરણે ઉત્પાદન કરીને જિલ્લાની દૂધ મંડળીઓ મારફતે પશુપાલકોને વેચાણ આપવામાં આવે છે. જે અંતર્ગત મંગળવારે ઈડર તાલુકાના કડીયાદરા દૂધ ઉત્પાદક મંડળી, બાયડ તાલુકા રડોદરા દૂધ ઉત્પાદક મંડળ લી., હિંમતનગર લોલાસણ ગામે, ઈડર તાલુકાના ભેટાલી ગામે, માલપુર તાલુકાના હેલોદર ગામમાં સાબરદાણ ખવડાવવાથી ૩૦૦થી વધુ પશુઓને ફૂડ પોઈઝનીંગની અસર હેઠળ આવી જતા અને બુધવારે અને ગુરૂવારે વધુ ૭ ગાય-ભેંસના મોત નિપજ્યા હતા. સાબરડેરી દ્વારા અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોમાં વેટેનરી તબીબોની ટીમોના ધાડેધાડા ઉતારી દઈ ફૂડપોઈઝનીંગની અસર પામેલા પશુઓને યુદ્ધના ધોરણે ઈન્જેકટેબલ, આઈ.વી., ઓરલ ટ્રીટમેન્ટ આપી બચાવી લેવા સારવાર હાથ ધરવામાં આવી છે.

માલપુર તાલુકાના હેલોદર ગામે બે દિવસમાં ૭૦થી વધુ પશુઓને સાબરદાણ આરોગ્યા બાદ મહામુલા પશુઓને ખોરાકની ઝેરી અસર થતા અને ૧ ગાય અને ૧ ભેંસનું મોત નિપજતા હેલોદર ગામના પશુપાલકો ફફડી ઉઠ્યા છે. તદ્ઉપરાંત સાબરડેરી દ્વારા હાનીકારક સાબરદાણ સત્વરે પરત મંગાવી લઈ તેની ચોક્કસ તપાસ હાથ ધરી જવાબદારો સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવાની અને સાબરડેરી દ્વારા વળતર ચુકવવાની હેલોદર ગામના ગ્રામજનો ઉગ્ર માંગ કરી રહ્યા છે.

દિયોદરની જી.વી. વાઘેલા કોલેજનો વાર્ષિકોત્સવ યોજાયો

દિયોદર જી.વી. વાઘેલા કોલેજનો પાંચમો વાર્ષિકોત્સવ મહાદેવ મંદિરના હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. દિપ પ્રગટાવી સાંસ્કૃતિક કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા એક પાત્રીય અભિનય, મિમિક્રી, ડાન્સ, ગરબા વગેરે રજુ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુમાનસિંહ વાઘેલા (માજી અધ્યક્ષ ગુજરાત રાજ્ય) તેમજ પ્રવિણસિંહ વાઘેલા, માલજીભાઈ દેસાઈ, કનુભાઈ પઢીયાર, મનસુખભાઈ પંચાલ, (આચાર્ય), સોમાલાલ સોની, લવજીબા ભગવાનભાઈ ચૌધરી, ગામના અગ્રણીજનો, શિક્ષણગણ, વાલીઓ, વિદ્યાર્થીઓ વગેરે બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. તેમજ આ કાર્યક્રમાં પ્રથમ સ્થાન આવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરેલ હિતેશભાઈએ આભારવિધિ કરી હતી.

હિંમતનગર કેળવણી મંડળની સભામાં તડાફડી વચ્ચે ચૂંટણી

બપોર બાદ ચૂંટણી પ્રક્રિયા પર મનાઇ હૂકમ આવ્યો

હિંમતનગર, તા. ૩૧

હિંમતનગર કેળવણી મંડળની બુધવારે આર્ટસ કોલેજ ખાતે મળેલી સામાન્ય સભામાં ચૂંટણી કરવા માટે ચેરીટી કમિશ્નરે નિમેલા વહીવટ કર્તાઓએ મુખ્ય દાતા, દાતા અને આજીવન વિભાગમાં શરૂઆતના તબક્કે ચૂંટણી કરવા માટે ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા થઇ હતી. પરંતુ કેટલાક પ્રબુધ્ધ નાગરિકોની સમજાવટને કારણે ચૂંટણી ટળી હતી અને ત્રણેય વિભાગના મળી ૨૧ કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરી તેનું પરિણામ બપોર સુધીમાં જાહેર કરી દેવાયુ હતું. તો બીજી તરફ હિંમતનગરના એક રહીશે આ ચૂંટણી પ્રક્રિયા પર મનાઈ હુકમ લાવતા આખો વિવાદ હિંમતનગરમાં ટોક ઓફ ધી ટાઉન બની રહ્યો હતો.

આ અંગે કેળવણી મંડળની ચૂંટણી કરવા માટે અગાઉ રાજયના ચેરીટી કમિશ્નર દ્વારા જયંતિભાઈ શિવલાલ મહેતા, મેહુલભાઈ કોઠારી, નાથાભાઈ પટેલ, ડા.ચીમનભાઈ પટેલ સહિત સાત વહીવટકર્તાઓની નિમણુક કરી હતી. જેથી આ વહીવટકર્તાઓ દ્વારા બુધવારે ૬ વર્ષ બાદ સામાન્ય સભા બોલાવી હતી અને તેમાં મુખ્ય દાતા, દાતા અને આજીવન સભ્ય વિભાગની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ઉમેદવારીપત્રો ભરાયા બાદ એક કલાકમાં તે પરત ખેંચવાનું નક્કી કરાયું હતું.

બીજી તરફ વહીવટકર્તા મેહુલ કોઠારીએ કરેલા દાવા મુજબ આ ચૂંટણી પ્રક્રિયા બપોરે ૧-૩૦ વાગ્યા સુધીમાં પૂર્ણ કરી ૨૧ કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરાઈ હોવાનો દાવો કર્યો છે. દરમિયાન હિંમતનગરના ચોકસી રમેશચંદ્ર હરિશચંદ્રએ કેળવણી મંડળની ચૂંટણીની પ્રક્રિયા બંધારણ વિરૂધ્ધ થઇ હોવાનું માનીને હાઈકોર્ટમાં મનાઈ હુકમ મેળવવા માટે એડવોકેટ દિપેન દેસાઈ મારફતે હાઈકોર્ટના ન્યાયાધીશ એન.વી. અંજારીયાની કોર્ટમાં રીટ કરી હતી. જયાં બપોર બાદ કેળવણી મંડળની ચૂંટણી પ્રક્રિયા પર મનાઈ હુકમ આપ્યો હતો. જેની જાણ ચેરીટી કમિશ્નર અને કેળવણી મંડળની ચૂંટણી કરવા માટે નિમાયેલા વહીવટદારોને કરાઈ હોવાનો દાવો કરાયો છે. તેમના જણાવાયા મુજબ મનાઈ હુકમની જાણ કેળવણી મંડળની તથા આર્ટસ કોલેજની વેબસાઈટ પર કરાઈ હતી.

ઉલ્લેખનીય છે કે હિંમતનગર કેળવણી મંડળની ચૂંટણી પ્રક્રિયા પર મનાઈ હુકમ અપાયો છે ત્યારે તેની મુદત આગામી તા.૪/૪/૨૦૧૬ નિર્ધારીત કરાઈ છે.

સામાન્ય સભામાં તડાફડી

સામાન્ય સભામાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઉમેદવારીપત્રો ભરવા બાબતે શરૂઆતના તબક્કે ઉમટેલા મતદારો અને વહીવટકર્તાઓ વચ્ચે શાબ્દિક ટપાટપી થતાં મામલો ગરમાયો હતો અને એક તબક્કે તો ઉપસ્થિત કેટલાક લોકોએ આવેશમાં આવી જઈ તૂ તૂ મે મે કરતા અફડાતફડી મચી ગઈ હતી.

કોની સર્વાનુમતે વરણી કરાઈ

મુખ્ય દાતા વિભાગ

મહારાજા હિંમતનગર
હેમંતભાઈ જયંતિલાલ મહેતા
વિનાયકભાઈ.કે.પંડયા
જાવીદ સુલેમાનભાઈ કડીવાલા
હિતેષકુમાર ચીમનલાલ પટેલ
ગણપતભાઈ પટેલ
ભાસ્કર પ્રવિણભાઈ પટેલ

દાતા વિભાગ

સાંખલા શ્રીરામભાઈ.એન.
ડા.અરવિંદભાઈ રામાભાઈ પટેલ
હસમુખભાઈ.ડી.પટેલ
જીજ્ઞેશકુમાર.ડી.પટેલ
જીતેન્દ્રકુમાર નાથાભાઈ પટેલ
પિયુષભાઈ સૂર્યપ્રકાશ દવે
મેહુલભાઈ.એમ.કોઠારી
જયંતિલાલ મણીલાલ શાહ
ડા.કે.કે.પટેલ

આજીવન સભ્ય વિભાગ

વિજયભાઈ લાભશંકર પંડયા
મનોજકુમાર ધીરુભાઈ પટેલ
જગદીશભાઈ ભીખાભાઈ પટેલ
ગૌતમકુમાર જયંતિલાલ દોશી
ગોપાલસિંહ નારાયણસિંહ રાઠોડ

અરવલ્લી જિલ્લા સુવર્ણકારોની એક્સાઈઝ ડ્યુટી હટાવવા કેન્ડલ માર્ચ યોજાઈ

અરવલ્લી જિલ્લાના ૪૦૦થી વધુ સુવર્ણકારો છેલ્લા ૨૯ દિવસથી ધંધો-રોજગાર બંધ રાખી આરપારની લડાઈ લડવા મક્કમ બન્યા છે. સરકારની એક્સાઈઝ ડ્યુટી નહિ હટાવાની સ્પષ્ટતા છતાં સાચી માંગ સ્વીકારાવીને જ ઝંપીશુ તેવો ટંકાર કર્યો છે. છેલ્લા ૨૯ દિવસથી ધંધો-રોજગાર બંધ રહેતા સુવર્ણકારોના ૫૦ કરોડના ધંધાને માઠી અસર પહોંચી છે. સરકારે આવક મેળવવા માટે નવા બજેટમાં સોનાના દાગીના ઉપર ૧ ટકા એક્સાઈઝ ડ્યુટી લગાવવાનો નિર્ણય અને રૂ. ૨ લાખની રોકડ રકમ ઉપર પાનકાર્ડ ફરજીયાત કરાતા સુવર્ણકારો સમસમી ગયા છે. જિલ્લાના ૪૦૦થી વધુ સુવર્ણકારો દ્વારા જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માર્ગો પર ૩૦ માર્ચ બુધવારે સાંજના કેન્ડલ માર્ચ સાથે યોજી હતી. જેમાં સુવર્ણકારોના પરિવારજનો પણ જોડાયા હતા. તદઉપરાંત હડતાળ યથાવત રાખવાની સાથે મક્કમ પણે ૩૧ માર્ચે કાયદા વિરોધથી જિલ્લાના પ્રજાજનોમાં પેમ્ફલેટ વિતરણ કરવામાં આવ્યા હતા તેમજ ૧ એપ્રિલ શુક્રવારે સમગ્ર જિલ્લામાં બાઈકરેલીનું આયોજન કરવાની સાથે સરકાર સામે વિરોધ પ્રદર્શીત કરવામાં આવશે.

લાલપુરના ૪ શખ્સોએ ગામની મહિલાના પરિવાર પર લાકડી વડે હુમલો કર્યો

હિંમતનગર, તા. ૩૧

હિંમતનગર તાલુકાના લાલપુર ગામમાં રહેતી એક મહિલાના ભાણા સાથે અગાઉ થયેલ બોલાચાલીની બાબતમાં માફી મંગાવવાના મામલે અદાવત રાખી લાલપુરના ચાર શખ્સોએ મહિલા ઉપરાંત તેના પરિવારજનો પર લાકડી વડે હુમલો કર્યો હતો. જેમાં બે જણાને ઈજાઓ પહોંચતા બંનેને હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા છે. લાલપુરની મહિલાએ ગામના જ ચાર શખ્સ વિરૂધ્ધ બુધવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર લાલપુર ગામે રહેતા સાહેરાબાનુ પઠાણના ભાણા મોઈદખાનને લાલપુરના શખ્સો સાથે બોલાચાલી થતા તે બાબતમાં માફી મંગાવવામાં આવી હતી. જેની અદાવત રાખી મંગળવારે રાત્રે લાલપુરના રહીશ ઈનાયત ઈબ્રાહીમભાઈ મેમણ, અહેમદભાઈ રીક્ષાવાળા તેમજ ઈનાયતના બે મિત્રો સાહેરાબાનુના ઘરે આવી મા-બેન સમી ગાળો ભાંડી તકરાર કરી હતી. જેમાં લાકડી સાથે આવેલ શખ્સોએ સાહેરાબાનુ તેમજ તેની માતા રસીદાબાનુ, ભાઈ ઈમરાનખાન તથા મજીદખાન સહિતના પરિવાર પર લાકડી વડે તૂટી પડયા હતા. જેમાં ઈમરાનખાનને માથાના ભાગે તેમજ મજીદખાનને પણ શરીરે ઈજાઓ પહોંચતા બંનેને ૧૦૮ મારફતે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા હતા.

લાલપુરના સાહેરાબાનુએ ગામના જ ઈનાયત ઈબ્રાહીમભાઈ મેમણ, અહેમદભાઈ રીક્ષાવાળા તેમના ઈનાયતના બે મિત્રો સહિત ચાર જણા વિરૂધ્ધ બુધવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી વધુ તપાસ પી.એસ.આઈ. સી.વી.નાયકે હાથ ધરી છે.

ખેડબ્રહ્મા ખાતે આવેલ બ્લોક રીસર્ચ પર્સનના દિવ્યાંગ બોળકો માટેના આઈ.ઈ.ડી. રીસોર્સ રૂમમાં મંગળવાર રાત્રે શોર્ટ સર્કીટથી આગ લાગી હતી. જેમાં દિવ્યાંગ બાળકો માટેના ઈન્સ્ટ્રુમેન્ટ શૈક્ષણિક સાધન સામગ્રી, રમત ગમતના સાધનો, વિજ લાઈન, રાચ રચીલુ સળગીને ખાખ થઈ ગયું હતું અને અંદાજે એક લાખ રૂપિયા જેટલું નુકસાન થવા પામ્યું છે.

દલપુરની મહિલાને ગામની મહિલાઓએ માર મારતા ચાર વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૩૧

હિંમતનગર તાલુકાના દલપુર ગામમાં મંગળવારે બપોરના સુમારે ગામની એક મહિલાના કપાળમાં છુટો પથ્થર મારી તેમજ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપવાના મામલે મહિલાએ ગામની જ ચાર મહિલાઓ વિરૂધ્ધ મંગળવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

અનુસાર દલપુરમાં રહેતા લીલાબેન કેતનભાઈ પટેલ મંગળવારે બપોરે ગામની દૂધ મંડળીના મકાનનો સર્વેચાલતો હોઈ બહાર ઉભા હતા તે દરમિયાન ગામના જ કોદીબેન નૈલેષભાઈ પટેલ, કપિલાબેન નૈલેષભાઈ પટેલ, મમતાબેન ભરતભાઈ પટેલ અને ભીખીબેન વસંતભાઈ પટેલે લીલાબેનને તમે અહીં શા માટે ઉભા છો તેમ કહી કોદીબેને લીલાબેનના કપાળમાં છુટો પથ્થર માર્યો હતો. જેના કારણે તેમને ઈજા થઈ હતી. જયારે અન્ય ત્રણ મહિલાઓએ પણ ગડદાપાટુનો માર મારી અમૃતભાઈને છુટો પથ્થર મારી ઈજા પહોંચાડી હતી. માર મારવાની અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવાના મામલે લીલાબેન પટેલે ગામની ચારેય મહિલાઓ વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ગાંભોઈ પોલીસે દલપુરની ઘટના સંદર્ભે ગામની મહિલાની ફરિયાદ આધારે ચારેય મહિલાઓ વિરૂધ્ધ ગુનો દર્જ કરી ઘટના અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

ઊંઝા એસટી ડેપોના બે કર્મચારીનો નિવૃત્ત સમારંભ યોજાયો

ઊંઝા, તા. ૩૧

ઊંઝા એસટી ડેપોમાં તાજેતરમાં નવા નિમાયેલ સંનિષ્ઠ ટ્રાફિક કંટ્રોલર જસવંતભાઈ સી. બારોટ અને ડેપોના સંનિષ્ઠ ડ્રાઈવર ઈશ્વરભાઈ ડી. સોલંકી વય મર્યાદાના કારણે સેવા નિવૃત્ત થતા ડેપો મેનેજર સોનલબેન પટેલ તેમજ જુનિયર આસિસ્ટન્ટ હીરાભાઈ, કર્મચારી મડંળના જનરલ સેક્રેટરી શિવરામભાઈ ચૌધરી, નાથુભાઈ ચૌધરી તથા ડેપોના દશરથભાઈ ચૌધરી, મકાજી ઠાકોર, મુકેશ પટેલ, ભરતભાઈ પરમાર તેમજ ડેપોના અન્ય કામદારોએ સેવા નિવૃત્ત થેલ ડેપોના બે કર્મચારીઓની સેવાઓને બિરદાવી તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

અરવલ્લી જીલ્લાના ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીની તાજેતરમાં ભારે રસાકસીભરી ચુંટણી યોજાઈ હતી. અરવલ્લી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ચુંટણી અધિકારી એ.એસ.પટેલ, કાર્યાલય અધિક્ષક મનિષભાઈ ઉપાધ્યાય તેમજ વહીવટી તંત્રના અધિકારીઓની ઉપસ્થિતીમાં આજે બેઠક યોજાઈ હતી.ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના વર્તમાન ચેરમેન હિતેન્દ્રસિંહ નરપતસિંહજી સિસોદીયાની પેનલનો જંગી બહુમતીથી જવલંત વિજય હાંસલ કર્યો હતો. ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના હોલમાં માર્કેટયાર્ડ બોર્ડ ઓફ ડિરેક્ટરોની આજે બેઠક યોજાઈ હતી. ભિલોડા ખેતીવાડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન પદે હિતેન્દ્રસિંહ નરપતસિંહજી સિસોદીયા, વા.ચેરમેન પદે જવાહરલાલ ડાહ્યાલાલ શાહની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતાં ભિલોડા તાલુકાના ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ પ્રસંગે રાજેન્દ્રસિંહ ભાટી, જેસીંગભાઈ પટેલ, રણવીરસિંહ ડાભી તેમજ રાજકીય અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ, ટેકેદારોએ ચેરમેન, વા.ચેરમેન અને ડિરેક્ટરોને શુભકામનાઓ પાઠવી હતી.

ખેડબ્રહ્માના પાદરડી ગામની યુવતી ગુમ થતા ફરીયાદ

ખેડબ્રહ્મા તાલુકાના પાદરડી ગામની એક યુવતી ઘરેથી નીકળ્યા પછી પરત ન આવતા ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે. પાદરડી ગામના રહીશ ભીખાભાઈ વસ્તાભાઈ પટેલની પુત્રી ઝલકબેન (ઉં.વ.૨૨) સોમવારે બપોરે બાર વાગ્યાના સુમારે કપડા ખરીદી કરવાનુ કહી ઘરેથી નીકળી હતી તે મંગળવાર સાંજ સુધી ઘેર પરત ન આવતા પરિવારે સગા સંબંધીઓના ઘરે શોધખોળ કરી હતી. પણ ઝલકનો કોઈ પત્તો લાગ્યો ન હતો જેથી ઝલકના પિતા ભીખાભાઈ વસ્તાભાઈ પટેલે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં આ અંગે જાણ કરી હતી. આ અંગે તપાસ કરતા હે.કો. ભીખાભાઈ ગલાભાઈએ જણાવ્યું હતું કે ઝલકબેન ઘરેથી રૂ. ૫૦ હજાર રોકડા તથા રૂ. ૫૦ હજારના દાગીના મળી કુલ રૂ. ૧ લાખ સાથે લઈ ગઈ હોવાનું ઝલકના પિતાએ ફરીયાદમાં લખાવ્યું છે.